# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NEET INQYIRY GODHARA

નીટની પરીક્ષાના પેપરમાં ગેરરીતી કરવાના મામલે તપાસ વેગવંતી બની ગઇ છે.. તપાસ માટે સીબીઆઇના પાંચ થી વધુ કર્મચારીઓની ટીમ ગોધરા સર્કિટ હાઉસ પહોંચી હતી. હવે સીબીઆઇ દ્વારા સમગ્ર મામલે ગોધરા પોલીસ પાસેથી અત્યાર સુધીની તમામ તપાસના રિપોર્ટ મેળવી વધુ તપાસ હાથ ધરાશે.

NEET UG - 2024ની ગત તારીખ 5 મે, 2024ના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. આ પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગેની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકમાં તારીખ 8 મે, 2024ના રોજ નોંધવામાં આવી છે. આ સમગ્ર બાબતમાં વિસ્તૃત તપાસ થઈ શકે તેવા હેતુથી ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી FIRની તપાસ પણ રાજ્ય સરકારે સી.બી.આઇ.ને સોંપવાનો નિર્ણય કર્યો છે. આ તપાસ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1946ની કલમ-6 અન્વયે સી.બી.આઇ.ને સોંપવામાં આવી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગે આ સંદર્ભમાં જાહેરનામુ પણ પ્રસિધ્ધ કર્યું છે.

# School Entrance Festival Gandhinagar

રાજ્યમાં આગામી ૨૬,૨૭ અને ૨૮ જૂને કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સંયુક્ત રીતે યોજાનાર કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંગે વિડીયો કોન્ફરન્સ યોજાઇ હતી. આ બેઠકમાં શિક્ષણ મંત્રી કુબેર ડીડોર,અને અન્ય મંત્રીઓ, મુખ્ય સચિવ, શિક્ષણ સચિવ, તેમજ સિનિયર IAS & IPS સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે 11 લાખથી વધુ બાળકો આંગણવાડીમાં જયારે 3 લાખથી વધુ બાળકો ધોરણ-1માં પ્રવેશ મેળવશે. આ વર્ષથી બાળવાટિકામાં નવી શિક્ષણનીતીનો પણ અમલ કરાવવામાં આવશે.

# RAJKOT VC

શાળા પ્રવેશોત્સવના આયોજન અંગેની મુખ્યમંત્રી સાથેની વિડિયો કોન્ફરન્સ બાદ રાજકોટમાં કલેક્ટરે શિક્ષણાધિકારી સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. રાજકોટ

જિલ્લામાં કોઈ પણ બાળક પ્રવેશથી વંચિત ન રહે, તમામ બાળકો શાળામાં અભ્યાસ કરે તે માટે ગામના સરપંચ તથા તલાટી બાળકોના અભ્યાસ માટે પુરતું ધ્યાન આપે તેવી કલેક્ટરે સૂચના આપી હતી.. બાળકોના અભ્યાસને સુનિશ્ચિત કરવાની જવાબદારી શાળા પ્રવેશોત્સવમાં સામેલ થનાર અધિકારીઓને સોંપાઇ હતી.

## Rain.... Overall

રાજ્યમાં કેટલાંક સ્થળોએ વરસાદ પડ્યાનાં અહેવાલ છે. છેલ્લાં 24 કલાકમાં 78 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડ્યા છે. આજે રાજ્યનાં કેટલાંક ભાગોમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો મધ્ય ગુજરાતમાં ચોમાસુ આગળ વધ્યું છે. આજે સવારે 8 થી 10 વાગ્યા દરમ્યાન નોંધાયેલા વરસાદ મુજબ જામનગરના લાલપુરમાં અઢી ઇંચ, સુરતનાં ઓલપાડમાં બે ઇંચ, દેવભૂમિ દ્વારકાનાં ભાણવડમાં દોઢ ઇંચ, જયારે ખંભાળિયામાં એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

નર્મદા,વડોદરા, છોટાઉદેપુર,તાપી, અમરેલી, ભરૂચ, સુરત, વલસાડ તેમજ નવસારી જિલ્લામાં પણ ગત રાત્રિથી છુટા છવાયા વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુર જિલ્લામાં ગઈ કાલે સંખેડામાં - અઢી ઇંચ, બોડેલીમાં દોઢ ઈંચ, જયારે જેતપુરપાવી, કવાંટ, નસવાડી તાલુકામાં ૧ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાનાં અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, કવાંટ પંથકમાં રાત્રિના સમયે વરસેલા વરસાદને પગલે હિરણ નદીમાં નવા નીર આવતા રાજ વાસનો આડબંધ ઓવર ફ્લો થયો છે. આ ઉપરાંત નસવાડીનાં કેવડી ગામે મકાન પડી જવા ઉપરાંત એક પશુનું મોત થયું હોવાના અહેવાલ છે.

નર્મદા જિલ્લાનાં અમારા પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, રાજપીપળામાં ગત રાત્રિથી ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદને લીધે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે, તો ધીમી ધારે વરસી રહેલા વરસાદથી ખેતીનાં પાકને નવજીવન મળતાં ધરતીપુત્રોમાં ખુશીની લાગણી છવાઈ છે. ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગારિયાધરમાં ડમરાળા તળાવ છલકાવા ઉપરાંત પાલીતાણામાં 24 કલાકમાં 2 ઇંચ જેટલો

વરસાદ નોંધાયો છે. રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં ગોંડલ ,જેતપુર તાલુકાના ગ્રામ્ય પંથકોમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, નિઝર અને કુકરમુંડામાં વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીનું મોજું પ્રસરી ગયું હતું.

## Mehsana Plantation

મહેસાણા જિલ્લામાં 24,939 હેકટર જમીનમાં ચોમાસું વાવેતર થયું છે. કપાસનું વાવેતર 16,935 હેકટરમાં, શાકભાજીનું 1,654 હેકટરમાં મગફળીનું 1,312 હેકટરમાં તો ઘાસચારાનું વાવેતર 5,038 હેકટરમાં થયું છે.

## Dahod Prakrutrik Kheti

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના આંબલી ગામ ખાતે ખેડૂતો પ્રાકૃતિક ખેતી અંગે માહિતગાર થાય અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે સંકલ્પ લે તેવા હેતુથી પ્રાકૃતિક ખેતી તાલીમ યોજવામાં આવી હતી.

આત્મા પ્રોજેક્ટની ટીમ દ્વારા રાસાયણિક ખાતરો અને દવાઓનો વધુ ઉપયોગ કરવાથી થતા નુકસાન અંગેની વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી. રાસાયણિક ખાતરથી ખર્ચ વધવા છતાં જમીનની ફળદ્રુપતા ઓછી થવાથી ખેતીમાંથી ઉત્પાદન ઓછું થવા લાગ્યું. જયારે પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, ઘન જીવામૃત, ખાટી છાશ અને ગૌ-કૃપા અમૃતમ બેક્ટેરીયાના ઉપયોગ દ્વારા જુદી જુદી વનસ્પતિ - ફળોના ઉપયોગ કરીને દવા બનાવવામાં આવે છે અને તેમાંથી નાઈટ્રોજન, ફોસ્ફરસ, અને પોટાશ જેવા તત્વો મેળવવામાં આવે છે.

ખેડૂતોને આંતરપાક પધ્ધતિ, આવરણ, ટપક અને ફુવારા પધ્ધતિનાં ઉપયોગ દ્વારા બાગાયતી પાકો અને નર્સરીનો કેવી રીતે વિકાસ થાય છે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ખેતી કરવાથી થતો નહીવત ખર્ચ, જમીનમાં જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગથી સુક્ષ્મજીવોનું પ્રમાણ વધ્યું છે અને જમીનમાં અળસિયા પણ વધે છે જેવી મહત્વની બાબતો સમજાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આગામી એક વર્ષમાં રાજ્યના તમામ તાલુકાઓમાં દસ ગામ દીઠ એક ક્લસ્ટ બનાવીને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓને સાથે રાખી રાજ્યમાં મોટી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.